## મોટેરામાં રહેતા વેપારીના ઘરમાં ઘરઘાટીનો સપાટો

# વેપારી દુબઈ જતાં ઘરઘાટી ૨૪ લાખ લઈને ફરાર

### ચાંદખેડા પોલીસે જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી : ઘરઘાટીને શોધવા માટે ચક્રો ગતિમાન

ગાંધીનગર,તા. ૧૦

શહેરના મોટેરા વિસ્તારમાં રહેતા વેપારીના ઘરમાં કામ કરતા ઘરઘાટીએ જ રોકડા રૂ. ૨૪ લાખની ચોરી કરી હોવાની ઘટના સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પરિવારના સભ્યો દુબઈ ટૂર પર ગયા હતા તે દરમ્યાનમાં બેડરૂમમાં બેડની અંદર રાખેલા રૂ. ૨૪ લાખની તેણે ચોરી કરી હતી.

બાદમાં વેપારીને સમગ્ર ઘટનાની જાણ થતાં તેમણે આરોપી ઘરઘાટી સામે ચાંદખેડા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે આરોપી ઘરઘાટીને શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી ઘરઘાટી ચોરી કર્યા બાદ રાજસ્થાન જતો રહ્યો હોવાનું જણાતાં પોલીસે તે દિશામાં પણ તપાસ આરંભી છે. રાજસ્થાનથી પરત આવતાં તેની પૂછપરછ કરતાં તેણે આ રૂપિયાની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ચાંદખેડા પોલીસે ચોરીનો ગુનો નોંધી આરોપી ઘરઘાટીની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ શહેરના મોટેરા વિસ્તારમાં ક્રિષ્ના બંગ્લોઝની બાજુમાં આવેલા સંગાની આદિત્ય હાઈટ્સ નામના ફ્લેટમાં નરેશભાઈ અરોરા તેમના પરિવાર સાથે રહે છે. તેઓ ગુજરાત અને રાજસ્થાનમાં અલગ અલગ જગ્યાએ હોટેલ ધરાવે છે. છેલ્લા છ માસથી તેમના ઘરે મૂળ રાજસ્થાનના કુંભલગઢના રહેવાસી કિશનલાલ ગામેતીને તેઓએ ઘરઘાટી તરીકે નોકરીએ રાખ્યો હતો. કિશનલાલ નરેશભાઈના ઘરે જ રહેતો હતો.

ગત તા.૧ સપ્ટેમ્બરના રોજ નરેશભાઈને ધંધાના રૂ. ૨૪ લાખ આવતાં તેમણે તેમનાં પત્ની વંદનાને આપ્યા હતા. તેઓએ આ રૂપિયા માસ્ટર બેડરૂમમાં બેડની અંદર થેલીમાં મૂક્યા હતા. બીજા દિવસે નરેશભાઈ તેમનાં પત્ની, પુત્ર અને પુત્રી સાથે દુબઈ ફરવા માટે ગયા હતા. ઘરે નરેશભાઈના માતા-પિતા અને કિશનલાલ જ હાજર હતા. તા.૫ સપ્ટેમ્બરના રોજ તેઓ દુબઈથી પરત ફર્યા હતા. બાકીના દિવસો દરમ્યાન નરેશભાઈ ધંધાના કામ અર્થે ફ્રાન્સ ગયા હતા.

તા.૧ ઓક્ટોબરના રોજ તેઓ પરત આવતા બીજા દિવસે વંદનાબહેને નરેશભાઈને જણાવ્યું હતું કે માસ્ટર બેડરૂમમાં બેડની અંદર થેલીમાં મુકેલ રોકડા રૂ. ૨૪ લાખ જણાતા નથી. આ બાબતે નરેશભાઈએ તેમના પિતાને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે તમે દુબઈ ગયા હતા ત્યારે કિશન બેડરૂમમાં આવતો- જતો હતો. જો કે કિશન આગલી રાતે જ તેના વતન રાજસ્થાન જતો રહ્યો હતો. કિશને પૈસાની ચોરી કરી હોવાની શંકાને લઈને નરેશભાઈએ તેને ફોન કરી જણાવ્યું હતું કે મારી તબિયત ખરાબ છે, તું પરત અમદાવાદ આવીજા. તા.૫મી ઓકટોબરના રોજ કિશન અમદાવાદ પરત આવ્યો હતો, નરેશભાઈ બહારગામથી અમદાવાદ ઘેર પરત આવતાં તેમની પત્ની વંદનાબહેન જણાવ્યું હતું કે, કિશનને પૈસા બાબતે પૂછતાં તેણે આ રૂપિયા લીધા નથી તેમ કહે છે. જેથી ગઈકાલે કિશનને વિશ્વાસમાં લઈને નરેશભાઈએ પૂછપરછ કરતાં તેણે જ રૂપિયાની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેને પગલે વેપારી નરેશભાઈએ ચાંદખેડા પોલીસમથકમાં આરોપી ઘરઘાટી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.



ગાંધી સપ્તાહ નિમિત્તે સ્વચ્છતા અભિયાન : કડી કેમ્પસની આર. સી. પટેલ સ્કૂલમાં એન.એન.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધી સપ્તાહ નિમિત્તે સ્કુલમાં સફાઈ અભિયાન હાથ ધરાયું હતું તે પ્રસંગ તસવીર.

## શબ્દલપુરમાંથી સ્વાઈન ફ્લુનો કેસ મળ્યો

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ધોળાકુવા પંથકના શબ્દલપુર ગામની એક ૨૮ વર્ષીય મહિલાને આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવેલ છે. આ મહિલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા વધીને ૩૭૫ પર પહોંચી છે. માણસા તાલુકામાંથી આ કેસ એકજ સપ્તાહમાં બીજો આવ્યો છે. જો કે જિલ્લાનું આરોગ્ય તંત્ર આજે કોઈ કેસ નહિ નોંધાયો હોવાનું જણાવી રહેલ છે. મોતીપુરાનો કેસ પણ મોડો દર્શાવવામાં આવ્યો હતો. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલા કેસો સામે તંત્રનું ઉદાસીન વલણ સમજી શકાતુ નથી.

## માણસા માર્કેટ યાર્ડમાં રૂની આવક શરૂ બજારમાં ભાવમાં સામાન્ય વધઘટ

ગાંધીનગર, તા.૭

નવરાત્રિ પર્વના આગમનની સાથે જ બજારમાં નવા કપાસના રૂની આવક શરૂ થઈ જવા પામી છે.

માણસા માર્કેટ યાર્ડમાં આજે પ્રથમ દિવસે જ ૮૨૦ કવીન્ટલ કપાસની આવક થવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે કપાસના રૂના ભાવ આજે સૌથી નીચા ૯૫૦ રહ્યા હતા જયારે આવક શરૂ થતાં તેમાં વધારો થયો હતો અને તે ભાવ ૧૧૫૧ સુધી પહોંચ્યો હતો. જો કે સરેરાશ ભાવ ૧૦૬૫ જેટલો જ રહ્યો હોવાનું વેપારી આગેવાનોએ જણાવ્યુ છે.

જિલ્લામાં ગરમી વધતાં કપાસની આવક શરૂ થઈ ગઈ છે. આમેય કપાસનો પાક પાકટ અવસ્થાએ હતો. જો કે આ વખતે જિલ્લામાં કપાસના પાકનું બમ્પર ઉત્પાદન નહિ થાય.

હાલ જે રીતે બજારના ભાવ ખુલ્યા છે તેમાં ખેડૂતોને માર પડી રહ્યો છે. ખેડૂતો પાસે જો કે હવે અન્ય વિકલ્પ પણ નથી. ગત વર્ષ જેટલા જ ભાવ બજારમાં રહેવા પામ્યા છે. જેની સામે મોંઘી મજૂરી અને પેટ્રોલ-ડિઝલના ભાવમાં જે વધારો થયો છે તેને કારણે ખેડૂતોમાં નારાજગી છે.

# ધોળાકુવાના યુવાનોની આરાધના એટલે અનોખો નયનરમ્ય ‘‘પાવાગઢ’’

### ધોળાકુવા ગામમાં નવરાત્રીમાં રાસ-ગરબા યોજાતા નથી : બળિયાદેવ યુવક મંડળના યુવાનો ‘‘પાવાગઢ’’ બનાવી નવરાત્રી ઉજવે છે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના પાદરે ધોળાકુવા ખાતે નવરાત્રીમાં રાસ-ગરબાનુ આયોજન કરવામાં આવતુ નથી. પરંતુ ગામના યુવાનો દ્વારા ‘પાવાગઢ’ બનાવીને નવરાત્રી ઉજવવામાં આવે છે. આ પાવાગઢ એવો બનાવાય છે સર્જનાત્મકતા સાથે મેળવી અદ્‌ભૂત અને નયનરમ્ય ગબ્બર બનાવ્યો જેને જોઈ ગ્રામજનો આફરિન પોકારી ગયા હતા. બસ, ત્યારથી દર વર્ષે આ મંડળના યુવાનો દર નવરાત્રીમાં ગબ્બર બનાવે છે. આ વર્ષે પાવાગઢ બનાવ્યો છે. જેમાં થર્મોકોલ કટીંગ, માટીકામ,



કે તેને નિહાળવા દૂરદૂરથી મુલાકાતીઓ મોટી સંખ્યામાં આવે છે અને પાવાગઢની કારીગરી નિહાળી અભિભૂત થાય છે. આ વર્ષે પણ ધોળાકુવાના યુવાનોએ પાવાગઢની થીમ આધારિત ગબ્બર તૈયાર કર્યો છે.

ધોળાકુવા ગામમાં વર્ષોથી પડેલી કોઈ અગમ્ય પ્રથાનુસાર નવરાત્રીમાં રાસ-ગરબાનું આયોજન કરાતુ નથી. આ કારણે ગામના યુવાનોને રાસ-ગરબા રમવા મળતુ નથી અથવા બહાર જવુ પડે છે. જો કે આઠેક વર્ષ પૂર્વે ગામના બળિયાદેવ યુવક મંડળના યુવાનોએ નવરાત્રીમાં માતાજીની આરાધના કરવા માટેનો રાસ-ગરબા સિવાયનો વિકલ્પ શોધી કાઢ્યો અને ત્યારથી ગામમાં ‘ગબ્બર પર્વત’ બનાવવાની પ્રથા ચાલુ થઈ હતી. ધોળાકુવાના યુવાનોએ તેમની શ્રદ્ધા અને સુથારીકામ, ઈલેક્ટ્રિકકામ, ચિત્રકળા વગેરેનો ઉપયોગ કરી વિશાળ પ્રતિકૃતિ બનાવાય છે.

આ પાવાગઢમાં થીમ આધારિત ડુંગર, પર્વતો, ઝરણા, રોડ-રસ્તા, વાહનો, સ્કૂલ, વિવિધ ક્ષેત્રના નાગરિકો, મકાનો, ઝુંપડા, પેટ્રોલપંપ, જંગલ, પશુ-પંખીઓ, રોપ-વે, કિલ્લા, ટ્રાફિક સિગ્નલ, ચાર રસ્તા સર્કલો વગેરે આબેહૂબ બનાવી એક વાસ્તવિક દ્રશ્ય સમું સર્જન કરવામાં આવ્યુ છે. જેમાં ઋષિમુનિઓ યજ્ઞ કરતા હોય, શ્રમિકો કાર્ય કરતા હોય, પનિહારીઓ પાણી ભરતી હોય તેવા દ્રશ્યો પણ ખડા કરવામાં આવ્યા છે. સમગ્ર પાવાગઢને નિહાળી મુલાકાતીઓના મોંઢેથી ‘વાહ...વાહ...’’ના ઉદ્‌ગાર સરી પડે છે.

### ત્રણ મહિનાની લગાતાર મહેનતથી તૈયાર કરાયો પાવાગઢ

ધોળાકુવાના બળિયાદેવ યુવક મંડળના વીસેક યુવાનો દ્વારા છેલ્લા ત્રણ મહિનાની જહેમતથી આશરે ૧૫૦થી વધુ ચોરસ ફૂટમાં પાવાગઢની નયનરમ્ય પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. આ પાવાગઢની લોકપ્રિયતા એટલી છે કે તેને નિહાળવા દૂરદૂરના ગામોમાંથી મુલાકાતીઓ આવે છે તેમજ યુવાનો દ્વારા તેનો યુ-ટ્યુબ પર વિડિયો અપલોડ કરવામાં આવ્યો છે. જેને પણ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

# કોંગ્રેસે ગુજરાતને બદનામ કરવા સતત ષડયંત્રો કર્યા : ભરત પંડ્યા

### ગુજરાતની પ્રેમ, એકતા તેમજ શાંતિ, અસ્મિતા, અહિંસાની ઓળખને બદનામ કરવા કોંગ્રેસ પાર્ટીની ભૂમિકા ઘાતક રહી છે : ભરત પંડ્યાનો સીધો આક્ષેપ

અમદાવાદ,તા.૧૦

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રવકતા ભરત પંડયાએ જણાવ્યું હતું કે, ગુજરાત અને ગુજરાતના નેતૃત્વને બદનામ કરવા માટે કોંગ્રેસ એક ચોક્કસ પ્રકારની ડિઝાઈન સાથે ગુજરાત વિરોધી ષડયંત્ર સાથે ચાલી રહી છે.

કોંગ્રેસની દરેક પ્રવૃતિઓમાં રહેલ વિકૃતિઓને ગુજરાતની જનતા જોઈ રહી છે. કોંગ્રેસ દ્વારા કોઈને કોઈ વર્ગને ઉશ્કેરીને વાદવિવાદ ફેલાવવો. કોઈ જ્ઞાતિ કે સમાજને વારા ફરથી ઉશ્કેરીને વેરઝેર ઊભું કરવું. કોઈને કોઈ ઘટનાને રાજકીય ઘટનામાં ફેરવીને હિંસા દ્વારા અશાંતિ ફેલાવવી. આ બધાં જ ઘટનાક્રમો જોઈને ગુજરાતની જનતા માને છે કે, કોંગ્રેસ વાદ,વિવાદ,વેરઝેરની આયોજક છે, કોંગ્રેસ જાતિવાદ, કોમવાદ, પ્રાંતવાદ અને આતંકવાદની સમર્થક છે. ગુજરાતની શાંતિ, એકતા અને વિકાસમાં હમેશાં કોંગ્રેસ અવરોધક છે. ગુજરાતની પ્રેમ અને એકતા તેમજ શાંતિ, અસ્મિતા અને અહિંસાની ઓળખને બદનામ કરવા કોંગ્રેસની ભૂમિકા ઘાતક છે.પરંતુ ગુજરાતની જનતા તેનાં કોઈપણ બદઈરાદાઓને ફાવવાં દેશે નહિં.

મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની આગેવાનીમાં ચાલતી ભાજપ સરકાર ગુજરાતમાં રહેતા તમામ લોકોને સુરક્ષા આપવા કટીબદ્ધ છે. અશાંતિ ફેલાવનારની સામે કાયદો કાયદાનું કામ કરશે. ગુજરાતની જનતા કોંગ્રેસનાંધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને કોંગ્રેસના નેતાઓના ઉશ્કેરણીજનક ભાષણો, હિંસાત્મક આંદોલનનાં ષડયંત્રો સારી રીતે જાણી ચુકી છે. કોંગ્રેસ ખુલ્લી પડી છે તેથી ચારેબાજુથી જનતાનો કોંગ્રેસ સામે ફીટકાર થઈ રહ્યો છે અને એટલે કોંગ્રેસના નેતાઓ ભાજપ ઉપર જૂઠ્ઠા આક્ષેપો કરે છે. પંડયાએ જણાવ્યું હતું કે, એકબાજૂ નરેન્દ્ર મોદીની સરકાર સમગ્ર દેશમાં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરીને તેમના વિચારોનો વિસ્તાર થાય તેવા કાર્યક્રમો કરી રહી છે જયારે બીજી બાજૂ કોંગ્રેસ ગાંધીજીના ગુજરાતમાં હિંસા દ્વારા અશાંતિ અને અરાજકતા ફેલાવવા માંગે છે. ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં પથરાયેલા છે. નરસિંહ મહેતા રચિત અને ગાંધીજીનું પ્રિય ભજન વૈષ્ણવજનતો તેને રહે કહીએ સમગ્ર દેશ અને દુનિયામાં ગવાઈ રહ્યું છે. કોંગ્રેસ બીજા રાજ્યોની ચૂંટણીને ધ્યાનમાં રાખી આ પ્રકારના આંદોલન, હિંસા દ્વારા ગુજરાતની જનતાને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે.

# અલ્પેશના ઉશ્કેરણીજનક નિવેદનથી સ્થિતિ વણસી

ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચની પત્રકાર પરિષદમાં રાજયની ભાજપા સરકાર અને નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ પર કરાયેલા આક્ષેપો અને વિધાનોને વરિષ્ઠ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટ શબ્દોપમાં વખોડી તીવ્ર આલોચના કરતા જણાવ્યું છે કે, ભાગલા પાડો અને રાજ કરોની નીતિ વાસ્તિવમાં કોંગ્રેસની છે, ભાજપની નહીં. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ભેદભાવની નિતી અપનાવે છે તેવા ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચના આક્ષેપોનો જવાબ આપતા ચુડાસમાએ જણાવ્યું છે કે, નીતિન પટેલ રાજયના તમામ સમાજના આગેવાન છે. તેઓ સૌને સાથે લઈને ચાલનારા પરિપકવ નેતા છે. વર્ગવિગ્રહ કરાવી તેઓ મુખ્યમંત્રી બનવા માંગે છે, તેવા ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચના આક્ષેપો સદંતર ખોટા અને પાયાવિહોણા છે. વાસ્તવમાં હિંસા કોણ ભડકાવે છે તે રાજયની જનતા જાણે છે. પોલીસ તપાસમાં જેમના નામો બહાર આવ્યા છે તેનાથી સૌ વાકેફ છે ત્યારે ઠાકોર સેના અને ઓ.બી.સી. એકતા મંચના આક્ષેપો સદંતર પાયાવિહોણા છે. પરપ્રાંતિય લોકોની રોજગારીના સંદર્ભમાં કરાયેલા આક્ષેપોના જવાબમાં ચુડાસમાએ જણાવ્યું હતું કે, ભારતના પ્રત્યેક નાગરિકને દેશના કોઈપણ રાજયમાં રોજગારી મેળવવાનો અધિકાર છે અને તે મુજબ વાઈબ્રન્ટ ગુજરાતમાં છેલ્લા વર્ષોમાં વધતા જતા ઉદ્યોગોના કારણે સ્થાનિક યુવાનોને રોજગારી મળે છે તેમ અન્ય રાજયોના લોકોને પણ તેમની લાયકાતના આધારે સ્વાભાવિક રીતે જ રોજી રોટી મળે તેમા પ્રાંતવાદને કોઈ અવકાશ નથી અને આખરે રાજયના ઉદ્યોગ ક્ષેત્રને તેનાથી લાભ થતો હોય છે.

# સરકાર નિષ્ફળતા છુપાવવા પ્રાંતવાદનું રાજકારણ રમે છે

રાજયમાં ચાલી રહેલા પરપ્રાંતિય પલાયનના મુદ્દે રાજકારણ ગરમાયું છે. ખાસ કરીને યુપી અને બિહારના લોકો ગુજરાતમાંથી પલાયન થઈ રહ્યા છે. આ મુદ્દે ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતુંકે, જાતિ, ભાષા, ધર્મ અને પ્રાંતની સરહદો જોડનાર ગાંધી અને સરદારના ગૌરવવંતા ગુજરાતમાં દૂધમાં સાકર ભળે એમ સમગ્ર દેશના વિવિધ રાજ્યો ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ વિગેરેમાંથી લોકો આજે વસી રહ્યા છે. ગુજરાતના વેપાર, ઉદ્યોગ વગેરેને બળ પૂરું પાડનાર પરપ્રાંતીયો આજે બેરોજગારીના કારણે રાજ્યમાંથી પલાયન થઈ રહયા છે. ત્યારે તમામ મોરચે નિષ્ફળ નીવડેલ ભાજપ સરકાર રાજ્યના વિવિધ વર્ણ અને વર્ગના અસંતોષને ખાળવામાં નિષ્ફળ નીવડી છે. પરપ્રાંતીઓને રોજગાર આપવામાં પણ ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે, જેના પરિણામે સરકારના મળતિયાઓ મારફત પ્રાંતવાદનું ઝેર ઘોળીને વર્ગવિગ્રહના ષડ્‌યંત્રથી સમગ્ર વિશ્વમાં ફેલાયેલ ગુજરાતીઓ ઉપર જીવનું જોખમ ઉભું કર્યું છે. જાતિ, ભાષા, ધર્મ અને પ્રાંતની સરહદો જોડનાર ગાંધી અને સરદારના ગૌરવવંતા ગુજરાતમાં આપણે સહુએ શાંતિ અને સંયમ જાળવવો જોઈએ તેવો અનુરોધ પણ ધાનાણીએ કર્યો હતો. વિપક્ષના નેતા ધાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૨૨ વર્ષથી રાજ્યમાં શાસન કરતી ભાજપ સરકારે રાજ્ય અને રાષ્ટ્રના યુવાનોની ઈચ્છાને અવગણીને મુઠ્ઠીભર માણસોના ખિસ્સા ભરવા માટે શાસનના દરવાજા સરકારી તિજોરીના દરવાજા ખુલ્લા મૂક્યા. આવી સરકારને ટકાવવા-બચાવવા માટે ચૂંટણી પહેલા, ચૂંટણી સમયે અને ચૂંટણી પછી ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોર સાથે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ભાજપના નેતાઓએ વારંવાર સંવાદ સ્થાપી ભાજપમાં જોડવા માટે નિષ્ફળ પ્રયાસ કર્યો. કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટાયેલા જનપ્રતિનિધિ એવા અલ્પેશ ઠાકોરને આજદિન સુધી ક્યાંક લાલચના દાણા ફેંક્યા, પછી એને ડરાવવામાં આવ્યા, પછી એને સત્તાના બળે ધમકાવવામાં આવ્યા, એમ છતાં જાતિ, ભાષા, ધર્મ અને પ્રાંતના સીમાડાઓને તોડનારી એક વિચારધારાના સિપાઈ તરીકે અલ્પેશ ઠાકોરે ગત અઠવાડિયે એ કોંગ્રેસમાં હતા, છે અને રહેવાના છે એવી જાહેરાત કરતાં અલ્પેશ ઠાકોર નામની દ્રાક્ષ આજે ખાટી લાગવા માંડી છે. સેનામાં ભાજપના મળતિયાઓ મારફત ગુજરાતમાં પ્રાંતવાદનું ઝેર ઘોળીને ચૂંટાયેલા જનપ્રતિનિધિને તોડવાનો નિરર્થક પ્રયાસ કર્યો છે. આબરૂને કલંક લગાડવાનું કામ સત્તામાં બેઠેલા લોકોએ કર્યું હોવાનો આક્ષેપ પણ ધાનાણીએ કર્યો હતો.

# પરપ્રાંતનાં કામદારોને સુરક્ષા અને સલામતીની ખાતરી આપતા જિલ્લા કલેકટર

### ગાંધીનગર જિલ્લાના ખાત્રજ અને સાંતેજના મોટા ઉદ્યોગોમાં કામ કરતાં પર પ્રાંતનાં કામદારોને કોઇ ભય કે તકલીફ નથી





ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાનાં ખાત્રજ અને સાંતેજ વિસ્તારમાં આવેલ અરવિંદ મીલ લી., શાહ એલોયઝ લી., એસ્ટ્રલ પાઈપ, લીંકન ફાર્માસ્યુટીકલ જેવા મોટા ઔદ્યોગિક એકમોમાં કામ કરતાં પર પ્રાંતનાં કામદારોની જિલ્લા કલેકટરશ્રી એસ. કે. લાંગા અને જિલ્લા પોલીસ વડાશ્રી મયુર ચાવડાએ મુલાકાત લઈ અન્ય્ પ્રાંતનાં વસેલા લોકોનું મનોબળ વધે તેવા પ્રયાસો કર્યા હતાં. કામદારો સાથેની પ્રત્યક્ષ પ્રશ્નોત્તરીમાં વિવિધ સ્થળનાં કામદારોએ જણાવ્યું હતુ કે અમને કોઈ ભય કે ડર નથી, કોઈ તકલીફ નથી, કોઈ ધમકી આપતું નથી. અમારા પરિવારો પણ સલામતી મહેસુસ કરે છે.

જિલ્લા કલેકટરશ્રી એસ. કે. લાંગાએ કામદારોને જણાવ્યું હતુ કે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટનાને કારણે, અન્ય પ્રાંતમાંથી આવીને રાજયમાં વસેલા લોકોને ગુજરાત છોડવા મજબુર કરાઈ રહયાં છે તેઓની સામે જિલ્લા પ્રસાશન અને પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરી આવા તત્વોની ધરપકડ કરવામાં આવી છે. અન્ય પ્રાંતનાં લોકોનાં રહેઠાણ અને કામનાં સ્થળે પુરતો સુરક્ષા પ્રબંધ કરવામાં આવ્યો છે. કોઈ પણ જાતની અફવા કે ગેરમાર્ગે દોરતા નિવેદનો અથવા સોશીયલ મિડીયાનાં ખોટા મેસેજથી ગભરાવવાની જરૂર નથી. કોઈ પણ શંકા હોય તો પોલીસ અને ઉદ્યોગનાં સંચાલકોને તુરંત જાણ કરવા જણાવ્યું હતું.

જિલ્લા પોલીસ વડાશ્રી મયુર ચાવડાએ કામદારોને જણાવ્યું હતુ કે અમે રૂબરૂ મળીને આપનાં અભિપ્રાયો લેવા આવ્યા છીએ. જિલ્લામાં પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવીને સઘન એકશન પ્લાન અમલમાં મુકયો છે. કામદારોને રોજગારીનાં અને રહેઠાણનાં સ્થળે રોજીંદી અવર જવર દરમ્યાન દિવસ અને રાત્રે પોલીસ જોવા મળે છે તેવી પ્રશ્નોત્તરીમાં કામદારોએ ‘‘હા’’ પાડીને તાળીઓ પાડીને વહીવટી તંત્રની સરાહના કરી હતી. કામદારોને જણાવ્યું હતુ કે ગુજરાત આપનું જ વતન છે - ચિંતા કરવાની સહેજ પણ જરૂર નથી. આપ સૌ પરિવાર સાથે શાંતીથી રહો તે અમારી જવાબદારી છે. સોશીયલ મિડીયામાં અફવા કે ગેરમાર્ગે દોરતા ખોટા મેસેજનું સઘન મોનીટરીંગ કરવામાં આવે છે અને આવા તત્વોને પકડીને પોલીસે જેલ ભેગા કર્યા છે. આ પ્રસંગે કલોલ પ્રાંત અધિકારીશ્રી નેહા કુમારી, કલોલ મામલતદારશ્રી વિષ્ણુભાઈ. આર. પટેલ, ઉદ્યોગગૃહનાં માલિકો, મેનેજમેન્ટનાં અધિકારીઓ, સ્થાનિક ગામનાં સરપંચશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં પર પ્રાંતનાં કામદારો ઉપસ્થિત રહયાં હતાં.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં.૦૭, ૨૦૧૮-૧૯ (સુધારો-૦૧)**

ગાંધીનગર સમાચાર અને દિવ્ય ભાસ્કર વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| | |
|---|---|
| ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૧૨/૧૦/૨૦૧૮ |
| ઈજારદારશ્રીઓએ ઓનવાઈન સબમીશન કરવાની તારીખ | ૨૫/૧૦/૨૦૧૮ |
| બાનાની રકમ ટેન્ડર ફી, બેંક સોલવન્સી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૩૧/૧૦/૨૦૧૮ |
| પ્રાઈઝ બીડ/ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | ૨૬/૧૦/૨૦૧૮ |

વિગતવાર નિવિદા www.statetnders.co જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મૂળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

માહિતી/હિંમત/૩૫૩/૧૮